દાખલ તારીખ : ૦૨.૦૨.૨૦૨૬
નોધ્યા તારીખ : ૦૨.૦૨.૨૦૨૬
ફેસલ તારીખ : ૧૩.૦૫.૨૦૨૬
સમય ગાળો વ.૦૦, મા.૦૩, દિ.૧૧

મહે.ખેડાના અધિક ચીફ જયુડિશિયલ મેજિસ્ટ્રેટ સાહેબની કોર્ટમાં, મું.ખેડા.

**ક્રિ.કે.નં.૪૭/૨૦૨૬**
આંક : ૧૫

**ફરિયાદી :–**

**સંદિપસિંહ મંગલસિંહ મહિડા,**
ઉ.વ.૩૧, ધંધો : વેપાર,
રહે.રઢું, તા.જી. ખેડા.

**વિરુધ્ધ.**

**તહોમતદાર :–**

**પિયુષકુમાર કરશનભાઈ ઠાકોર,**
ઉ.વ.પુખ્ત, ધંધો: વેપાર,
રહે.રઢુ, તા.જી.ખેડા.

**બાબત :–ધી નેગોશીયેબલ ઈન્સ્ટ્રુમેન્ટ એકટની કલમ ૧૩૮ મુજબ**

**ફરિયાદ પક્ષે વિધ્વાન વકીલ શ્રી વી.ડી.પારેખ**
**આરોપી પક્ષે વિધ્વાન વકીલ શ્રી કોઈ નહી... જાતે.**

## // ચુકાદો //

૧.. ફરિયાદપક્ષના કેસની ટુંકમાં હકીકત એવી છે કે, ફરિયાદી તથા આરોપી બંને રઢુ મુકામે રહે છે અને બંને એકબીજાના પરિચિત માણસ હોઈ અને પરસ્પર મિત્રતાના સારા સંબંધ ધરાવે છે. આરોપીને ઓકટોબર–૨૦૨૫ ની સાલમાં નવી બાઈક લેવા માટે તાત્કાલીક પૈસાની જરૂર પડતાં તા.૧૯.૧૦.૨૦૨૫ ના રોજ ફરિયાદીના રઢુ મુકામે આવેલ ઘરે રૂબરૂ મળેલ અને ફરિયાદી પાસે રૂા.૧,૦૦,૦૦૦/–પુરાની માંગણી કરતાં અને ફરિયાદી પાસે નાણાંની વ્યવસ્થા હોય આરોપીની માંગણી મુજબની રકમ રૂા.૧,૦૦,૦૦૦/–પુરા તા.૧૯.૧૦.૨૦૨૫ ના રોજ રોકડા હાથઉછીના આપેલ અને સદર રકમ સ્વીકારતી વખતે આરોપીએ સદર રકમ એક માસમાં તે પરત કરવાનો પાકો વાયદો કરેલ. ત્યારબાદ આરોપીએ વાયદા મુજબ રકમ પરત ન કરતાં તેની પાસે સદર હાથઉછીની રકમની ઉઘરાણી કરતાં સદર રકમ પરત કરવા સારૂ આરોપીએ તેના બેન્ક ખાતાનો ભારતિય સ્ટેટ બેન્ક, રઢુ શાખામાં આવેલ ખાતા નં.૪૦૪૬૦૨૧૯૭૦૨ માંનો ચેક નં.૮૩૧૨૮૧ વાળો રૂા.૧,૦૦,૦૦૦/– પુરાનો પાકતી તા.૨૬.૧૨.૨૦૨૫ ના રોજનો ફરિયાદીના નામનો એકાઉન્ટ પે નો ચેક ફરિયાદી રૂબરૂ સહી કરી આપેલ અને તે વખતે પાકો વિશ્વાસ અને ભરોસો આપેલ કે સદર ચેક બેન્કમાં રજુ કરેથી તમારા લેણાં નાણાં મળી જશે. જેથી, આરોપીના આપેલ વિશ્વાસ અને ભરોસા આધારે આરોપીએ આપેલ ચેક ફરિયાદીએ તેમના બેન્ક ખાતામાં ભારતિય સ્ટેટ બેન્ક, રઢુ શાખામાં તા.૨૬.૧૨.૨૦૨૫ ના રોજ જમા કરાવતાં સદર ચેક કલીયરન્સ માટે આરોપીના ખાતામાં રજુ થતાં તે ફન્ડ ઈનસફીસીયન્ટ તથા ડ્રોઅર

સિગ્નેચર ડિફર્સ ના શેરા સાથે વગર સ્વીકરાયે પરત ફરેલ જેની જાણ ફરિયાદીની બેન્કએ તા.૨૬.૧૨.૨૦૨૫ ના રોજ અસલ ચેક તથા રિટર્ન મેમા સાથે કરેલ. જેથી આરોપીએ આપેલ ચેકમાં જણાવ્યા મુજબના નાણાં ફરિયાદીને નહી મળતાં ફરિયાદીએ તેમના વકીલશ્રી મારફતે આરોપીને તા.૦૮.૦૧.૨૦૨૬ ના રોજ રજી.પો.એડી.ધ્વારા નોટિસ આપેલ જે નોટિસ આરોપીને તા.૦૯.૦૧.૨૦૨૬ ના રોજ બજી ગયેલ હોવા છતાં આરોપીએ નોટિસની સમય મર્યાદામાં નોટિસનો જવાબ આપેલ નથી કે ચેક મુજબની રકમ ચુકવી આપેલ ન હોવાથી ફરિયાદીએ ધી નેગોશીયેબલ ઈન્સ્ટ્રુમેન્ટ એકટની કલમ ૧૩૮ મુજબ હાલની આ ફરિયાદ દાખલ કરેલી છે.

૨.. સદરહું ફરિયાદનાં અનુસંધાને જરૂરી ઈન્કવાયરી કરી ફરિયાદ રજીસ્ટ્રરે કરવાનો તથા આરોપી સામે ધી નેગોશીયેબલ ઈન્સ્ટ્રુમેન્ટ એકટની કલમ ૧૩૮ મુજબનો સમન્સ ઈસ્યુ કરવાનો આ કામે હુકમ કરવામાં આવેલ. ત્યારબાદ આરોપીને ધોરણસરનો સમન્સ બજી જતાં આરોપી જાતે અત્રેની અદાલતમાં હાજર થયેલ છે. ધોરણસરની ફરિયાદ તેમજ રજુ થયેલ તમામ દસ્તાવેજી પુરાવાઓની નકલો વિના મૂલ્યે આપવામાં આવેલી છે. ત્યારબાદ આરોપીની આંક-૦૭ થી પ્લી લેવામાં આવેલી છે. જેમાં તેઓએ ફરિયાદ મુજબનો ગુનો કબુલ નથી તેવું જણાવતાં આ કેસની આગળની ઈન્સાફી કાર્યવાહી કરવામાં આવેલી છે.

૩.. આ કામે ફરિયાદ પક્ષે નીચે મુજબનાં મૌખિક તેમજ દસ્તાવેજી પુરાવાઓ રજુ કરેલા છે.

**<u>મૌખિક પુરાવાઓ :-</u>**

(૧) આંક–૦૫ થી ફરિયાદી સંદિપસિંહ મંગલસિંહ મહિડાની સો.ઉ.ની જુબાની.

**દસ્તાવેજી પુરાવાઓ :–**

(૧) આંક–૦૮ થી આરોપીએ આપેલ અસલ ચેક નં.૮૩૧૨૮૧.

(૩) આંક–૦૯ થી ચેક રિટર્ન મેમો અસલ.

(૪) આંક–૧૦ થી આરોપીને આપેલ માંગણા નોટિસની સ્થળપ્રત.

(૫) આંક–૧૧ થી રજી.પો.એ.ડી.ની કર્યા અંગેની વિન્ડો રીસીપ્ટ.

(૬) આંક–૧૨ થી નોટિસ બજયા અંગેની એકનોલેઝમેન્ટ રીસીપ્ટ.

(૭) આંક–૧૩ થી નોટિસ બજયા અંગેનો પોષ્ટ ખાતાનો ટ્રેક કન્સાઈન્મેન્ટ રિપોર્ટ.

આ સિવાય અન્ય કોઈ પુરાવો ફરિયાદ પક્ષ તરફથી રજુ કરવામાં આવેલ નથી અને આંક–૧૪ થી પુરાવા બંધની પુરસીસ રજુ કરતાં ફરિયાદપક્ષનો વધુ પુરાવો ન્યાયના હિતમાં બંધ કરવામાં આવેલ છે.

**૪..** આ કામે ફરિયાદપક્ષનો પુરાવો પુરો થયા બાદ, આરોપીનું બી.એન.એસ.એસ.ની કલમ ૩૫૧ અન્વયે વિશેષ જવાબ નોંધવાના તબકકે સદર કામ મુલતવી રાખવામાં આવેલ, પરંતુ આરોપી વિશેષ જવાબ નોંધવાના તબકકે આ અદાલત સમક્ષ હાજર ન રહેતાં તથા આરોપી તરફે કોઈ રજુઆત ન હોય કે આરોપી તરફે કોઈ મુદત રિપોર્ટ રજુ ન થતાં, આરોપીનો વિશેષ જવાબ નોંધવાનો હકક આ કામે ન્યાયના હિતમાં બંધ કરવાનો હુકમ ફરમાવવામાં આવેલ છે.

**૫..** ત્યારબાદ, આ કામે ફરિયાદી તરફે વિધ્વાન વકીલ શ્રી વી.ડી.પારેખની મૌખિક દલીલો સાંભળવામાં આવેલ છે. જયારે આરોપી તરફે કોઈ

હાજર ન હોય કે મુદત રિપોર્ટ ન હોય આરોપી તરફેની દલીલનો હકક ન્યાયના હિતમાં બંધ કરવામાં આવેલ છે.

**૬..** ઉપરોકત હકીકતે સદરહું કેસના ન્યાયિક નિર્ણય અર્થે મારી સમક્ષ નીચે મુજબના મુદ્દાઓ ઉપસ્થિત છે.

૧. શું ફરિયાદી પક્ષ નિ:શંકપણે સાબિત કરે છે કે, ફરિયાદીએ વટાવ ખત અધિનિયમની કલમ ૧૩૮ તથા કલમ ૧૪૨(૧)ની આદેશાત્મક જોગવાઈઓને અનુસરીને હાલની ફરિયાદ કરેલી છે ?

૨. શું ફરિયાદ પક્ષ નિ:શંકપણે પુરવાર કરે છે કે, આરોપીએ ફરિયાદી ને કાયદેસરના લેણાં પેટે હાલનો ચેક આપી ખાતામાં પુરતુ બેલેન્સ નહી રાખી ચેક પરત ફેરવાડાવીને વટાવ ખત અધિનિયમન ૧૮૮૧ ની કલમ ૧૩૮ મુજબ શિક્ષાને પાત્ર ગુનો આચરેલો છે ?

૩. શું હુકમ ?

**૭..** ઉપરોકત મુદ્દાઓના મારા નિર્ણયો નીચે મુજબ છે.

૧. હકારમાં.

૨. હકારમાં.

૩. આખરી હુકમ મુજબ.

**:: કા ર ણો ::**

**૮.. મુદ્દા નંબર ૧ ની ચર્ચા :-**

૮.૧. સદરહું મુદ્દા બાબતે ફરિયાદીના વિધ્વાન વકીલશ્રી વી.ડી.પારેખએ દલીલ કરતાં જણાવેલ છે કે, ફરિયાદીએ ફરિયાદમાં જણાવ્યા મુજબની હકીકત આધારે ફરિયાદીના કાયદેસરના લેણાં પેટે હાલનો આરોપીએ આપેલ ચેક જે સ્વીકરાવવા સારૂ બેન્કમાં

તા.૨૬.૧૨.૨૦૨૫ ના રોજ જમા કરાવતાં તે ''ફન્ડ ઈનસફીસીયન્ટ તથા ડ્રોઅર સિગ્નેચર ડિફર્સ'' ના શેરા સાથે વગર સ્વીકરાયે પરત ફરેલ. આમ આરોપીએ આપેલ ચેકમાં જણાવ્યા મુજબની લેણી રકમ ફરિયાદીને વસુલ મળેલ નહી. જેથી ફરિયાદીએ આરોપીને તા.૦૮.૧ ૦.૨૦૨૬ ના રોજ સમય મર્યાદામાં નોટિસ આપેલી જે નોટિસ તા.૦૯.૦૧.૨૦૨૬ ના રોજ બજવા છતાં આરોપીએ ચેકમાં જણાવ્યા મુજબના નાણાં ચુકવી આપેલ નથી કે નોટિસનો કોઈ જવાબ આપેલ ન હોઈ ફરિયાદીએ આરોપી વિરુધ્ધ આંક–૦૧ થી ફરિયાદ સમય મર્યાદામાં દાખલ કરી તેના સમર્થનમાં આંક–૦૫ થી સરતપાસની એફીડેવીટ રજુ કરેલી છે અને તેમાં જણાવેલ છે કે, આરોપીએ ફરિયાદી પાસેથી રૂા.૧,૦૦,૦૦૦/– પુરા બાઈક ખરીદ કરવા રોકડા હાથઉછીના લીધેલ જે રકમ પરત ચુકવવા સારૂ આરોપીએ તેના બેન્ક ખાતાનો ભારતિય સ્ટેટ બેન્ક, રઢુ શાખાનો આંક–૦૮ થી રજુ અસલ ચેક નં.૮૩૧૨૮૧ વાળો તા.૨૬.૧૨.૨૦૨૫ ના રોજનો આપેલ જે ચેક બેન્કમાં તા.૨૬.૧૨.૨૦૨૫ ના રોજ જમા કરાવતાં તે આંક–૦૯ થી રજુ રિટર્ન મેમા સાથે વગર સ્વીકરાયે પરત આવતાં, આંક–૧૦ થી રજુ ડિમાન્ડ નોટિસ આપેલ જે આંક–૧૨, ૧૩ મુજબ આરોપીને બજી ગયેલ છે. આમ સદર ચેક તા.૨૬.૧૨. ૨૦૨૫ ના રોજનો છે અને તે ચેક તા.૨૬.૧૨.૨૦૨૫ ના રોજ બેન્કમાં ભરેલ એટલે કે ચેક ત્રણ માસની અંદર સમય મર્યાદામાં ભરેલ છે, ત્યારબાદ આંક–૦૮ વાળો ચેક તા.૨૬.૧૨.૨૦૨૫ ના રોજ પરત ફરતા દિન–૩૦ માં તા.૦૮.૦૧.૨૦૨૬ ના રોજ નોટિસ આપેલ છે એટલે કે કાયદેસરની સમય મર્યાદામાં આંક–૧૦ ની નોટિસ આપેલ છે, ત્યારબાદ નોટિસ આરોપીને તા.૦૯.૦૧.૨૦૨૬ ના રોજ

બજી જતા ત્યારથી દિન–૧૫ ની રાહ જોયા બાદ દિન–૩૦ માં ફરિયાદ દાખલ કરવી પડે તે મુજબ હાલની આ ફરિયાદ તા.૦૨.૦૨. ૨૦૨૬ ના રોજ સમય મર્યાદામાં ફરિયાદ દાખલ કરી ધી નેગોશીયેબલ ઈન્સ્ટુમેન્ટ એકટની આદેશાત્મક જોગવાઈઓનું પાલન કરેલ છે.

૮.૨. સદર બાબતે આરોપીને ફરિયાદીની ઉલટ તપાસ કરી સદર બાબતનુ ખંડન કરવા પુરતી તક આપવામાં આવેલ હોવાછતાં આરોપી તરફે ફરિયાદીની ઉલટ તપાસ કરવાના તબકકે આરોપી જાતે કે વકીલશ્રી મારફતે હાજર રહેલ નથી કે કોઈ ઉલટ તપાસ કરવા તૈયારી દર્શાવેલ ન હોય આરોપી તરફેનો ફરિયાદીની ઉલટ તપાસ કરવાનો હકક આ કામે બંધ કરવામાં આવેલ છે. ત્યારબાદ પણ આરોપી તરફે ફરિયાદીની ઉલટ તપાસ કરવાનો હકક ખુલ્લો કરાવી ફરિયાદીની ઉલટ તપાસ કરવા કોઈ તૈયારી દર્શાવેલ નથી. આમ આરોપી તરફે જાતે કે વકીલશ્રી મારફતે હાજર રહી ફરિયાદીની ઉલટ તપાસ કરી સદર બાબત પડકારેલ નથી કે તેનુ ખંડણ થયેલ નથી કે આરોપી તરફે નોટિસ બજેલ નથી તેવો કોઈ ઈન્કાર કરવામાં આવેલ નથી કે તે બાબતે કોઈ તકરાર લીધેલ નથી. ભારતિય પુરાવા અધિનિયમની કલમ ૫૮ મુજબ જયારે એક પક્ષકારે કરેલ કોઈ કથન કે હકીકતનો બીજા પક્ષકાર ધ્વારા ઈન્કાર કરવામાં ન આવે કે તેવી કોઈ હકીકત પરત્વે તકરાર ઉઠાવવામાં ન આવે ત્યારે તેવી હકીકત સ્વીકૃતિ બને છે. વધુમાં આંક–૧૦ થી રજુ નોટિસમાં જણાવેલ સરનામું આરોપીનુ નથી કે તે સરનામે આરોપી રહેતા નથી કે નોટિસ તેઓને બજેલ નથી તેવી કોઈજ તકરાર આ કામે આરોપી તરફે રેકર્ડ પર આવેલ નથી. વધુમાં આંક–૧૨ થી રજુ નોટિસ બજયા

અંગેની એકનોલેઝમેન્ટમાં નોટિસ છોડાવનાર તરીકે જે સહી છે તે સહી તેઓના કોઈ સગા/સંબંધીની નથી તે બાબતે પણ કોઈજ તકરાર આરોપીએ લીધેલ નથી ત્યારે ખરા સરનામે ટપાલ મોકલવામાં આવેલ હોય તો તે ધંધાના સામાન્ય ક્રમમાં ટપાલ/નોટિસ બજેલ છે તેવું પુરાવા અધિનિયમની કલમ ૧૬ અને ૧૧૪(એફ) તથા જનરલ કલોઝીસ એકટની કલમ ૨૭ મુજબ વિરુધ્ધનું પુરવાર ન થાય ત્યાં સુધી સ્પષ્ટપણે ફરિયાદીની તરફેણમાં અનુમાન કરવાને પાત્ર થાય છે. વધુમાં **આરોપી તરફે હાલની ફરિયાદ સમય મર્યાદામાં નથી તે બાબતે પણ કોઈજ તકરાર લીધેલ નથી.** આમ રેકર્ડ ઉપરની હકીકતો તથા દસ્તાવેજી પુરાવા જોતાં ફરિયાદીએ હાલની ફરિયાદ ધી નેગોશીયેબલ ઈન્સ્ટ્રુમેન્ટ એકટની કલમ–૧૩૮ અને ૧૪૨ ની આદેશાત્મક જોગવાઈઓનું પાલન કરી કરેલ હોવાનું જણાઈ આવતું હોઈ તે મુજબની હકીકત ફરિયાદપક્ષે નિ:શંકપણે પુરવાર કરેલ હોઈ તે મુજબ નિર્ણિત મુદ્દા નંબર ૧ નો જવાબ હકારમાં ઠરાવવામાં આવે છે.

૯.. <u>મુદ્દા નંબર ૨ ની ચર્ચા :–</u>

૯.૧. સદરહું મુદ્દા સંદર્ભે ફરિયાદીના વિધ્વાન વકીલશ્રી વી.ડી. પારેખે દલીલ કરતાં જણાવેલ છે કે, ફરિયાદીએ આંક–૦૧ ની ફરિયાદ હકીકતના સમર્થનમાં આંક–૦૫ થી પોતાની સોગંદઉપરની જુબાની રજુ કરીને પોતાનો કેસ પુરવાર કરેલ છે. આ કામના ફરિયાદી તથા આરોપી એકબીજા સાથે મિત્રતાના સારા સંબંધ ધરાવતા હોવાથી આરોપીને ઓકટોબર–૨૦૨૫ માં નવા બાઈક ખરીદ કરવા નાણાંની જરૂર પડતાં ફરિયાદીને રૂબરૂ મળેલ અને રૂા.૧,૦૦,૦૦૦/– પુરા મિત્રતાના નાતે ફરિયાદી પાસે હાથઉછીના

માગતાં ફરિયાદીએ તા.૧૯.૧૦.૨૦૨૫ ના રોજ આરોપીને રૂા.૧,૦૦,૦૦૦/-(અંકે રૂપિયા એક લાખ પુરા) એક માસ માટે હાથઉછીના આપેલ ત્યારે આરોપીએ સદર નાણાં એક માસમાં પરત કરવાનો પાકો વિશ્વાસ અને ભરોસો આપેલ. ત્યારબાદ આરોપીએ વાયદા મુજબ નાણાં પરત નહી કરતાં આરોપી પાસે સદર હાથઉછીના નાણાંની ઉઘરાણી કરતાં આરોપીએ રૂબરૂ મળી ફરિયાદીન લેણી રકમ રૂા.૧,૦૦,૦૦૦/-(અંકે રૂપિયા એક લાખ પુરા) ચુકવી આપવા સારૂ આરોપીએ તેના બેન્ક ખાતાનો ભારતિય સ્ટેટ બેન્ક, રઢુ શાખાનો આંક-૦૮ થી રજુ ચેક નં.૮૩૧૨૮૧ વાળો રૂા.૧,૦૦,૦૦૦/-પુરાનો ફરિયાદીના નામનો તા.૨૬.૧૨.૨૦૨૫ ના રોજનો અકાઉન્ટ પે નો ફરિયાદીના રૂબરૂ સહી કરી ચેક આપેલ અને પાકો વિશ્વાસ અને ભરોસો આપેલ કે સદર ચેક બેન્કમાં જમા કરાવેથી તેમાં જણાવ્યા મુજબનાં નાણાં જમા મળી જશે તેવું જણાવતાં ફરિયાદીએ આરોપીના આપેલ વિશ્વાસ અને ભરોસા આધારે સદર ચેક તેમના બેન્ક ખાતામાં ભારતિય સ્ટેટ બેન્ક, રઢુ શાખામાં તા.૨૬.૧૨.૨૦૨૫ ના રોજ જમા કરાવતાં સદરહુ ચેક આંક-૦૯ થી રજુ રિટર્ન મેમા સાથે વગર સ્વીકરાયે ''ફન્ડ ઈનસફીસીયન્ટ તથા સિગ્નેચર ડિફર્સ'' ના શેરા સાથે પરત ફરતાં, ફરિયાદીને ચેકમાં જણાવ્યા મુજબની રકમ નહી મળતાં ફરિયાદીએ તેમના વકીલશ્રી મારફતે આરોપીને આંક-૧૦ થી રજુ લેખિત નોટિસ આંક-૧૧ મુજબ તા.૦૮.૦૧.૨૦૨૬ ના રોજ આપેલ જે નોટિસ આંક-૧૨,૧૩ મુજબ આરોપીને તા.૦૯.૦૧.૨૦૨૬ ના રોજ બજવા છતાં આરોપીએ ચેક મુજબની રકમ ચુકવી આપેલ નથી કે નોટિસનો કોઈ જવાબ આપેલ નથી. આમ આરોપીનો પ્રથમથી

ઈરાદો ફરિયાદીના નાણાં ડુબાડવાનો મલીન જણાઈ આવેલ, જેથી હાલની આ આંક–૦૧ મુજબની ફરિયાદ કરેલ છે.

૯.૨.. વધુમાં દલીલ કરતા જણાવે છે કે, આરોપીએ આપેલ ચેક આરોપીના ખાતે પુરતુ બેલેન્સ ન હોવાથી તથા આરોપીએ નમૂના મુજબની સહી નહી કરતાં સદર ચેક ''ફન્ડ ઈનસફીસીયન્ટ તથા સિગ્નેચર ડિફર્સ'' ના શેરા સાથે પરત આવેલ હોય આરોપીએ આપેલ ચેક વગર સ્વીકરાયે પરત ફરેલાની હકીકત ફરિયાદપક્ષે નિ:શંકપણે પુરવાર કરેલ હોઈ ફરિયાદીનુ આરોપી પ્રત્યેનુ કાયદેસરનુ લેણું પુરવાર થાય છે. જયારે આ કામે આરોપી વકીલશ્રી મારફતે હાજર રહેલ હોવા છતાં સદર બાબતે ફરિયાદીની કોઈ ઉલટ તપાસ કરવામાં આવેલ નથી તેમજ આરોપી તરફે આંક–૦૮ થી રજુ ચેક તેમના બેન્ક ખાતાનો નથી કે તેમાં પોતાની સહી નથી કે ફરિયાદીનુ તેઓના પ્ર ત્યે કોઈ કાયદેસરનુ લેણુ નથી તેવી કોઈ જ હકીકત ફરિયાદીની ઉલટ તપાસ દરમ્યાન પડકારી પુરવાર કરેલ નથી કે તેવો કોઈજ બચાવ આરોપી તરફે લેવામાં આવેલ નથી. જેથી આરોપી સાથેનો ફરિયાદીનો કાયદેસરનો નાણાંકીય વ્યવહાર સાબિત થતો હોઈ, ધી નેગોશીયેલબ ઈન્સ્ટુમેન્ટ એકટની કલમ ૧૩૯ મુજબ ચેક સમગ્ર અથવા અંશત: દેવા પેટે આપવામાં આવેલ છે તેવું અનુમાન કરવાનું રહે છે અને તેવો ચેક સમગ્ર દેવા કે તેના ભાગ પેટે આપવામાં આવેલ ન હતો તે સાબિત કરવાની જવાબદારી આરોપીની છે અને તે આરોપીએ કોજન્ટ પુરાવાથી સાબિત કરવું જોઈએ તે મુજબ ફરિયાદપક્ષે પોતાનો કેસ શંકા રહીત પુરવાર કરેલ છે. વધુમાં ધી નેગોશીયેબલ ઈન્સ્ટ્રુમેન્ટ એકટની જોગવાઈઓ અને ઉદ્દેશ જોતાં

આરોપીને સખ્તમા સખ્ત શિક્ષા અને દંડ કરવા અને ફરિયાદીને વળતર અપાવવા માંગણી કરેલ છે.

૯.૩. આ કામે આરોપીને નામદાર અદાલતનો સમન્સ બજતાં અને આરોપી અત્રેની અદાલતમાં હાજર રહેતાં આરોપીને ફરિયાદપક્ષના કેસ પેપર્સની નકલો વિના મુલ્યે પુરી પાડયા બાદ આરોપીની પ્લી રેકર્ડ કરવામાં આવતા આરોપીએ તેની સામેના ગુનાનો ઈન્કાર કરતાં, સદર કેસ ફરિયાદપક્ષનો પુરાવો રેકર્ડ કરવા મુલતવી રાખેલ. ત્યાર બાદ પુરાવાના કામે ફરિયાદીએ રજુ કરેલ લેખિત સરતપાસની ઉલટ તપાસ કરવા સારૂ ન્યાયના હિતમાં મુદત આપેલ હોવા છતાં ત્યાર બાદ આરોપી જાતે કે તેમના વિ.વકીલશ્રી મારફતે મુદતે હાજર રહેલ નહી કે કોઈ મુદત અરજી રજુ કરેલ ન હોય, આ કામે આરોપી તરફે ફરિયાદીની ઉલટ તપાસ કરવાનો હકક ન્યાયના હિતમાં બંધ કરવામાં આવેલ છે. ત્યારબાદ આ કામે આરોપીનો વિશેષ નિવેદન નોંધવાનો અને દલીલ કરવાનો હકક ક્રમાનુસાર બંધ કરવામાં આવેલ હોઈ, આ કામે આરોપી તરફે કોઈ દલીલ રેકર્ડ પર રજુ થયેલ નથી.

**૧૦..** હાલના કેસમાં પુરાવાનુ મુલ્યાંકન કરતા અગાઉ કાયદાની નીચે મુજબની જોગવાઈઓ ઘ્યાને લેવી જરૂરી છે.

**કલમ – ૧૧૮ ધી નેગોશીયેબલ ઈન્સ્ટ્રુમેન્ટ વિશે માની લેવાની બાબત :** એથી વિરૂઘ્ધનું સાબિત ન થાય ત્યાં સુધી નીચે પ્રમાણે માની લેવામાં આવશે.

(ક) **દરેક વટાઉખત અવેજ**ને માટે કરી આપ્યું અથવા લખી આપ્યું હતું ને આવું દરેક ખત જયારે તે સ્વીકારવામાં આવ્યું હોય તેના ઉપર શેરો કરી આપવામાં આવ્યો હોય તે વટાવવામાં આવ્યું હોય અથવા તબદિલ કરવામાં આવ્યું હોય તે અવેજને માટે સ્વીકાર્યુ હતું

તેના ઉપર શેરો કરી આપ્યો હોય તે વટાવ્યું હતું અથવા તબદિલ કર્યુ હતું.

(ખ) **તારીખ વિશે:** જેના ઉપર તારીખ હોય તેવું દરેક વટાઉખત તે તારીખે કરીઆપ્યું અથવા લખી આપ્યું હતું.

(ગ) **સ્વીકારના સમય વિશે :** સ્વીકારાયેલું દરેક વિનિમયપત્ર તેની તારીખ પછી અને તે પાકયાની તારીખ પહેલાં વ્યાજબી સમયમાં સ્વીકારવામાં આવ્યું હતું.

(ઘ) **તબદિલીના સમય વિશે :**કોઈ વટાઉખતની દરેક તબદિલ તે ખત પાકવાની તારીખ પહેલાં થઈ હતી.

(ચ) **શેરાઓના ક્રમ વિશે :** કોઈ વટાઉખત ઉપર કરેલા હોવાનું જણાતા શેરા તે ખત ઉપર જે ક્રમમાં કરેલા જણાતા હોય તે ક્રમમાં કરેલા હતા.

(છ) **સ્ટેમ્પ વિશે :** ખોવાઈ ગયેલી પ્રોમીસરી નોટ, વિનિમયપત્ર અથા ચેક ઉપર રીતસર સ્ટેમ્પ લગાડેલો હતો.

(જ) **ધારક યથાક્રમ ધારક છે એમ માની લેવા વિશે :** કોઈ વટાઉખતનો ધારક યથાક્રમ ધારક છે પરંતુ જયારે તે ખત તેના કાયદેસરના માલિક પાસેથી અથવા તેનો કાયદેસરનો હવાલો ધરાવતી વ્યકિત પાસેથી કોઈ ગુનો કરીને અથવા કપટથી મેળવવામાં આવ્યું હોય અથવા તે ખત કરી આપનાર અથવા સ્વીકારનાર પાસેથી કોઈ ગુનો કરીને અથવા કપટથી અથવા ગેરકાયદેસર અવેજને બદલે મેળવવામાં આવ્યું હોય ત્યારે તે ખતનો ધારક પોતે યથાક્રમ ધારક છે એમ સાબિત કરવાનો બોજો તેના ઉપર છે.

**કલમ – ૧૩૮ ખાતામાં અપૂરતા ભંડોળ વગેરેને કારણે ચેકનો અસ્વીકાર :**

સમગ્ર રીતે અથવા અંશત: કોઈ પણ દેવું કે અન્ય જવાબદારી અદા કરવા માટે, કોઈ વ્યક્તિ, પોતે નિભાવતો હોય તેવા ખાતા ઉપરનો ચેક એ ખાતામાંથી બીજી વ્યક્તિને નાણાંની ચૂકવણી કરવા માટે બેન્કરને લખે અને એવા ચેકની ચૂકવણી કર્યા વિના બેન્ક એ પરત કરે, કારણ કે એ ખાતામાંથી જમા રકમ ચેકના સ્વીકાર માટે અપૂરતી છે અથવા તો બેન્ક સાથે સમજૂતિની કરેલી વ્યવસ્થા કર્યા મુજબ ચેકની રકમ એ રકમ કરતા વધારે છે ત્યારે,

આવી વ્યક્તિએ ગુનો કર્યો ગણાશે, અને આ કારણની કોઈ અન્ય જોગવાઈઓને બાધ ન આવે તેમ તેને બે વર્ષ સુધીની કેદની શિક્ષાની જોગવાઈ કરવામાં આવી છે.

પરંતુ એમ ઠરાવવામાં આવ્યું છે કે,

એ) જયાં સુધી, ચેક લખ્યા તારીખથી છ માસ અથવા તે કાયદા માન્ય હોય તે મુદત એ બેમાંથી જે વહેલી હોય તે મુદતમાં તેવો ચેક બેન્કમાં રજૂ કરવામાં આવ્યો ન હોય.

બી) જયાં સુધી તે ચેકનો પેઈ અથવા યથાક્રમ ધારક, જેમ હોય તેમ, તે ચેક વણચૂકવ્યો પરત આવ્યાની બેન્ક તરફથી તેને માહિતી મળ્યાના ' ત્રીસ દિવસની અંદર ' તે ચેક લખનારને લેખિત નોટિસ આપીને તેવી રકમની ચૂકવણીની માંગણી કરે નહીં, અને

સી) જયાં સુધી, એવો ચેક લખનાર, ચેકના નાણાં લેનાર પેઈને અથવા તે ચેકમાં અથાનુક્રમ ધારકને જેમ હોય તેમ, ઉપરોકત નોટિસ મળ્યાના પંદર દિવસમાં એ રકમની ચૂકવણી કરવામાં નિષ્ફળ જાય નહી ત્યાં સુધી કલમમાંનું કશું જ લાગુ પડશે નહિ.

**<u>સ્પષ્ટીકરણ :</u>** આ કલમના હેતુ માટે ''દેવું અથવા અન્ય જવાબદારી'' એટલે કાયદેસર રીતે જેનો અમલ કરાવી શકાય તેવું દેવુ અથવા અન્ય જવાબદારી એવો થાય છે.

<u>આમ, ધી નેગોશીયેબ ઈન્સ્ટ્રુમેન્ટ એકટની કલમ ૧૩૮ નો ગુનો પુરવાર થવા માટે આવશ્યક શરતો નીચે મુજબ છે.</u>

૧. ચેક પોતાની જવાબદારી પૂરી કરવા આપ્યો હોવો જોઈએ.

૨. ચેક અપૂરતા બેલેન્સને કારણે પરત આવ્યો હોવો જોઈએ.

૩. કલમ ૧૩૮ માં જણાવ્યા મુજબ પેઈ અથવા ચેક ધારણ કરનારે ચેક લખનારને યોગ્ય સમયમાં નોટિસ આપી હોવી જોઈએ.

૪. કલમ ૧૩૮ માં જણાવ્યા મુજબ નોટિસ બજયાના ૧૫ દિવસોમાં ચેક લખનાર તે રકમ ચૂકવવામાં નિષ્ફળ ગયો હોવો જોઈએ.

**<u>કલમ – ૧૩૯ ચેકના ધારકની તરફેણમાં અનુમાન</u>**

વિરૂધ્ધની હકીકત સાબિત ન થાય ત્યાં સુધી એવું અનુમાન કરવામાં આવશે કે તે ચેક ધારણ કરનારે તે ચેક કલમ ૧૩૮ માં દર્શાવ્યા મુજબ તેના કોઈ દેવાના અથવા અન્ય જવાબદારીના પૂરેપૂરા અથવા તેના કોઇ ભાગમાંથી બોજ મુકત થવાના બદલામાં તે ચેક મેળવ્યો હશે.

વણચૂકવ્યો પરત થયેલો ચેક હાલનું કાયદેસરનું દેવું કે જવાબદારી અદા કરવા સારૂ જ આપવામાં આવેલ હતો તેવું અનુમાન કરવામાં આવશે.

આનાથી વિરૂધ્ધ પુરવાર કરવાનો બોજો યાને કે પરત આવેલ વણચૂકવ્યા ચેકની વર્તમાનની યાને હાલનો કાયદેસરની જવાબદારી કે

દેવા પેટે ન હતો તેમ પુરવાર કરવાનો બોજો તે ચેક લખી આપનાર ઉપર રહે છે.

આવું અનુમાન ભારતિય બંધારણના અનુચ્છેદ ૨૦(૩) મારફત આપવામાં આવેલ મૂળભૂત અધિકારને હાનિ કરતું નથી.

**ભારતના પુરાવા અધિનિયમ ૧૮૭૨ની કલમ–૧૦૧ સાબિતીનો બોજો :–**

જે કોઈ એમ ઈચ્છતો હોય કે તેણે પ્રતિપાદીત કરેલી હકીકતોની સાબિતીના અસ્તિત્વ ઉપર આધારીત કોઈ કાયદેસરના હકક અથવા જવાબદારી વિશે કોઈ બીજુ ન્યાયાલય ફેંસલો આપે, તો તેણે સાબિત કરવુ પડશે કે તે હકીકતો અસ્તિત્વમાં છે. કોઈ વ્યકિત, કોઈ હકીકતનુ અસ્તિત્વ સાબિત કરવા બંધાયેલી હોય, ત્યારે સાબિતીનો બોજો તે વ્યકિત ઉપર છે, એમ કહેવાય.

**૧૧..** હવે ઉપરોકત મુજબની કાયદાકીય જોગવાઈઓ તથા રેકર્ડ ઉપરના પુરાવા, ફરિયાદપક્ષના વિધ્વાન વકીલશ્રીની દલીલો, ચેક પરતના કેસોમાં નામદાર વરિષ્ઠ તથા સર્વોચ્ચ અદાલત ધ્વારા ઠરાવેલ કાયદાકીય સિધ્ધાંતો વિગેરે ધ્યાને લેતાં કલમ ૧૧૮ તથા કલમ ૧૩૯ મુજબના અનુમાનો પ્રાથમિક રીતે ફરિયાદીની તરફેણમાં કરવાને પાત્ર છે તે અનુમાનોનું ખંડન થવાને પાત્ર છે અને તે અનુમાનોનું ખંડન કરવા પુરતો પ્રાથમિક પુરાવો આરોપીએ રજુ કરવાનો છે તે મુજબ હાલના કેસની ચર્ચા કરવામાં આવે તો સંજોગો કે જેના ઉપર બચાવપક્ષ આધાર રાખે છે તેના ઉપરથી શું બચાવપક્ષ શકયતાઓની પ્રબળતા (પ્રીપોન્ડરન્સ ઓફ પ્રોબેબીલીટી) મુજબ કાયદાકીય અનુમાનોને ખંડન કરવા લાયક પ્રાથમિક પુરાવો રજુ કરી શકેલ છે કે કેમ? અને પોતાના ઉપરના પુરાવાના બોજામાંથી મુકિત મેળવી

શકેલ છે કે કેમ? તે બાબતે રેકર્ડ ઉપરના પુરાવાની ચર્ચા કરવામાં આવે તો સદર કામે આરોપીને નામદાર અદાલતનો સમન્સ બજતા જાતે હાજર રહતાં આરોપીની પ્લી રેકર્ડ કરવામાં આવેલ અને ત્યાર બાદ પુરાવાના તબકકે આરોપી હાજર રહેલ નથી કે ફરિયાદીની ઉલટ તપાસ કરવા પુરતી તક આપવામાં આવેલ હોવા છતાં આ કામે આરોપી તરફે ફરિયાદીની ઉલટ તપાસ નોંધવાની તક ઝડપેલ નથી કે ફરિયાદીની ઉલટ તપાસ કરી પોતાનો કોઈ વિશેષ બચાવ રેકર્ડ પર લાવી શકેલ નથી. આ તબકકે ભારતીય પુરાવા અધિનિયમની કલમ ૫૮ મુજબ જયારે એક પક્ષકારે કરેલ કોઈ કથન કે હકીકતનો બીજા પક્ષકાર ધ્વારા ઈન્કાર કરવામાં ન આવે કે તેવી કોઈ હકીકત પરત્વે તકરાર ઉઠાવવામાં ન આવે ત્યારે તેવી હકીકત સ્વીકૃતિ બને છે. વધુમાં, આરોપી પક્ષે રેકર્ડ ઉપર એવી કોઈ પણ હકીકત લાવવામાં આવેલ નથી કે જેનાથી નેગોશીયેબલ ઈન્સ્ટ્રુમેન્ટ એકટની કાયદાકીય જોગવાઈ મુજબ ધારકની તરફેણમાં કરવામાં આવતા અનુમાનનું ખંડન થાય.

**૧૨..** આ કામે આરોપીપક્ષ એવી કોઈ હકીકત રેકર્ડ ઉપર લાવી શકેલ નથી કે, જેનાથી વટાવખત અધિનિયમની જોગવાઈ મુજબ ધારકની તરફેણમાં અનુમાન કરી શકાય નહી. વધુમાં, ઉપરોકત જણાવેલ કાયદાકીય જોગવાઈઓ મુજબ રેકર્ડ ઉપર રજુ પુરાવાનું મુલ્યાંકન કરીએ તો, ધી નેગોશીયેબલ ઈન્સ્ટ્રુમેન્ટ એકટની કલમ ૧૩૮ નો ગુનો પુરવાર થવા માટેની જે આવશ્યક શરતો છે તે આવશ્યક શરતો પુરવાર થયેલ છે. આમ, આ કામે સમગ્ર રેકર્ડ લક્ષમાં લેતાં કલમ ૧૩૮ મુજબની તમામ જોગવાઈઓનું પાલન કરવામાં આવેલ છે. સમય મર્યાદા બાબતે કોઈ તકરાર નથી.

**૧૩..** કાયદાની ઉપરોકત જણાવેલ જોગવાઈઓ લક્ષમાં લેતાં જયારે કોઈ વ્યકિત ધ્વારા ચેક આપવામાં આવેલ હોય તો તે કાયદેસરના નાણાં ચૂકવવા બાબતનો હોવાનું પ્રિઝમ્પશન કરવાનુ રહે છે. ધી નેગોશીયેબલ ઈન્સ્ટુમેન્ટ એકટની કલમ ૧૩૯ ના અનુમાનનું ખંડન કરવાની જવાબદારી આરોપી ઉપર રહે છે અને આ કામે આરોપી તરફે કલમ ૧૩૯ હેઠળના અનુમાનનું ખંડન પુરતા પુરાવાથી અગર તો પ્રબળતાની શકયતાના આધારે પણ કરેલ હોય તવુ રેકર્ડ ઉપર આવેલ નથી, ધી નેગોશીયેબલ ઈન્સ્ટુમેન્ટ એકટની કલમ ૧૩૮,૧૩૯ અનુસાર, એક વખત ચેક દેવાના બદલામાં આપવામાં આવેલ હોય અને ચેક ધારક યોગ્ય રીતે નોટિસ આપે અને આવી નોટિસ બજયા પછી પણ ચુકવણુ કરવામાં ન આવે તો ગુન્હો થયેલ છે તેવી ધારણા થાય, જે ધારણાનું ખંડન કરવાનો બોજો આરોપી ઉપર છે.

**૧૪..** આ કામે ફરિયાદીએ અનુક્રમે આંક–૦૮ થી અસલ ચેક રજુ કરેલ છે જે ચેક વંચાણે લેતાં તેમાંની આરોપીની સહી તથા લખાણ અંગે તકરાર લેવામાં આવેલ નથી. જેથી ધી નેગોશીયેબલ ઈન્સ્ટુમેન્ટ એકટની કલમ ૧૩૮ અને કલમ ૧૪૬ મુજબ પુરવાર થાય છે. અનુક્રમે આંક–૦૯ થી રજુ થયેલ ચેક રિટર્ન મેમો વંચાણે લેતાં તે બેન્કનાં નિયત ફોર્મમાં અને તેમાં ચેક રિટર્નનું કારણ ''ફન્ડ ઈનસફીસીયન્ટ તથા સિગ્નેચર ડિફર્સ'' દર્શાવેલ હોઈ અને તેનાથી વિરુધ્ધની એટલે કે ચેકની પાકતી તારીખે આરોપીના ખાતે ચેકમાં જણાવ્યા મુજબની રકમ જમા હતી તેવી કોઈજ હકીકત બચાવપક્ષે પુરવાર કરેલ ન હોઈ, ધી નેગોશીયેબલ ઈન્સ્ટુમેન્ટ એકટની કલમ ૧૪૬ મુજબ તે પુરાવામાં ગ્રાહય રાખવા પાત્ર છે. આંક–૧૦ ની નોટિસ વંચાણે લેતાં તેમાં ફરિયાદવાળો ચેક પરત થયાનુ અને આ ચેકની રકમ માંગણી કરવામાં

આવેલ છે. આ નોટિસ ધી નેગોશીયેબલ ઈન્સ્ટ્રુમેન્ટ એક્ટની કલમ ૧ ૩૮(બી) મુજબ હોવાનુ પુરવાર થાય છે. આ નોટિસ આરોપીને બજી ગયેલ હોવા છતાં આરોપીએ નોટિસ બજ્યા બાદ દિન–૧૫ માં આરોપી તરફે ચેકની રકમ ચૂકવી આપેલ હોય તે હકીકત આ કામે રેકર્ડ પર આવેલ નથી. વધુમાં આરોપીએ સૌ પ્રથમ એ સંતોષકારક રીતે પુરવાર કરવાનુ છે કે તેમના ખાતાનો ચેક ફરિયાદી પાસે કેવી રીતે પહોંચ્યો. આ કામે આરોપીએ આંક–૦૮ થી રજુ ચેક તેમના ખાતાનો નથી કે તેમાં પોતાની સહી નથી તે બાબતે આરોપીએ પુરાવાના તબકકે હાજર રહી કોઈ તકરાર લીધેલ નથી. ત્યારે ધી નેગોશીયેબલ ઈન્સ્ટ્રુમેન્ટ એક્ટની કલમ ૧૧૮(જ) મુજબ, ચેક ધારક યોગ્ય સમયે ધારક હોવાનું માનવાનું છે, તેથી આરોપીએ સાબિત કરવુ પડશે કે ચેક ફરિયાદીને આપવામાં આવ્યો ન હતો. આ તબકકે <u>૨૦૧૯ એ.આઈ.આર. (સુ.કો.) ૪૬૧૭, એમ.અબ્બાસ હાજી વિરુધ્ધ ટી.એન. ચન્નાકેશવાના</u> ચુકાદામાં નામદાર સુપ્રિમ કોર્ટે ઠરાવ્યા મુજબ આરોપીએ પોતાનો ચેક ફરિયાદી પાસે કેવી રીતે પહોંચેલ તે બાબતે ઉચિત પુરાવો કે ખુલાસો રજુ કરવો જોઈએ. હાથ પરના કેસમાં પણ આંક–૦૮ થી રજુ ચેક ફરિયાદી પાસ ે કેવી રીતે ગયેલ તે અંગે કોઈજ સંતોષ કારક ખુલાસો આ કામે આરોપી તરફે રજુ ન હોઈ, હાલની આ ફરિયાદ કરવામાં આવેલ છે જે યોગ્ય અને વ્યાજબી હોવાનુ જણાય છે.

**૧૫.**. આ કામે રેકર્ડ પરની તમામ હકીકત જોતાં ફરિયાદીએ ધી નેગોશીયેબલ ઈન્સ્ટ્રુમેન્ટ એક્ટની કલમ ૧૩૮ ની કાયદેસરની જોગવાઈનુ પાલન કરી હાલની આ ફરિયાદ કરેલ છે, તેવુ સ્પષ્ટ થાય છે અને જયારે ફરિયાદી તરફથી ધી નેગોશીયેબલ ઈન્સ્ટ્રુમેન્ટ એક્ટની

કલમ ૧૩૮ ની કાયદેસરની જોગવાઈનું પાલન કરવામાં આવેલ છે તેવા સંજોગોમાં ધી નેગોશીયેબલ ઈન્સ્ટુમેન્ટ એકટની કલમ ૧૧૮ અને કલમ ૧૩૯ માં જણાવેલ કાયદેસરનું પ્રિઝમ્પશન ફરિયાદીની તરફેણમાં થાય અને તે મુજબ આરોપીએ ફરિયાદવાળો ચેક ફરિયાદીના કાયદેસરના લેણાં પેટે આપેલ છે તેવુ સ્પષ્ટપણે આ ફરિયાદના કામે પુરવાર થાય છે. હવે આ કાયદેસરના પ્રિઝમ્પશનનું ખંડન કરતો પુરાવો આપવાની જવાબદારી આરોપીના શીરે છે, કે જે આ કામે આરોપીએ નિભાવેલ નથી.

**૧૬..** હાલના કેસમાં જોઈએ તો ફરિયાદીની ફરિયાદ તથા રેકર્ડ ઉપરના પુરાવાઓનું ઉપરોકત કરેલ મુલ્યાંકન ધ્યાને લેતાં હાલની ફરિયાદવાળા ચેકના અનુસંધાને આરોપીની જવાબદારી ઠરાવી શકાય તેવુ સ્પષ્ટ થાય છે કારણ કે, આરોપીએ ધી નેગોશીયેબલ ઈન્સ્ટુમેન્ટ એકટ કલમ ૧૩૯ ના સ્ટેચ્યુટરી પ્રિઝમ્પશનનો રીબટલ પુરાવો આપેલ નથી અને આમ આ સ્ટેચ્યુટરી પ્રિઝમ્પશનનું ખંડન થતું નથી અને આંક-૦૧ની ફરિયાદ મુજબ આરોપી સામે કાયદેસરનો ધી નેગોશીયેબલ ઈન્સ્ટુમેન્ટ એકટની કલમ ૧૩૮ મુજબનો ગુનો બનતો હોય તેવુ સ્પષ્ટ થાય છે.

**૧૭..** હવે, આ કામે આ અદાલત રજુ ઉપરોકત પુરાવાની ચર્ચા કર્યા મુજબ એવા તારણ ઉપર આવેલ છે કે, ફરિયાદવાળો ચેક આરોપી દ્વારા ફરિયાદીને બાકી લેણાં પેટે આપેલ છે. જે પુરાવો ફરિયાદી તરફે રજુ થયેલ છે તેને ખંડન કરતો પુરાવો આરોપી તરફે રજુ નથી. જેથી, રજુ થયેલ પુરાવોઓને લક્ષમાં લેતાં ફરિયાદી તરફેની દલીલોમાં તથ્ય જણાય છે. વધુમાં, સદરહુ ચેક ફરિયાદી પાસે કેવી રીતે ગયેલ તે બાબતે પણ કોઈ સચોટ પુરાવો આરોપી તરફે રજુ નથી

કે તે બાબતે આરોપી પોતાના બી.એન.એસ.એસ.ની કલમ ૩૫૧ અન્યયે નોંધવામાં આવતા એફ.એસ.માં ખુલાસો કરવા હાજર રહેલ નથી. આ તબકકે નામદાર સુપ્રિમ કોર્ટનો ૨૦૨૨ જેએકસ (સુ.કો.)૯૯૭, પી. રસીયા વિરુધ્ધ અબ્દુલ નઝર અને બીજાઓનો ચુકાદો ધ્યાને લેવામાં આવે તો તેમાં ઠરાવ્યા મુજબ ધી નેગોશીયેબલ ઈન્સ્ટ્રુમેન્ટ એકટની કલમ ૧૩૯ એ એક વૈધાનિક ધારણા પુરી પાડે છે, ચેક અને હસ્તાક્ષર બાબતે આરોપીએ તકરાર ઉઠાવેલ ન હોય ત્યારે એવું માની લેવું જરૂરી છે કે ચેક દેવું અથવા જવાબદારીના નિકાલ માટે જારી કરવામાં આવ્યો છે. વધુમાં સદર ચુકાદામાં એવુ પણ પ્રસ્તાપિત કરેલ છે કે કલમ ૧૩૯ ના અનુમાન ને કારણે ફરિયાદીએ (નેચર ઓફ ટ્રાન્ઝેકશન અથવા સોર્સ ઓફ ફંડ) વ્યવહારની પ્રકૃતિ અથવા ભંડોળના સ્ત્રોત બતાવવાની જરૂર નથી. વધુમાં ફરિયાદીએ રજુ કરેલ પુરાવાનુ ખંડન કરતો પ્રાથમિક પુરાવો પણ આરોપી તરફે રજુ નથી, જેથી રેકર્ડ પરના રજુ થયેલ પુરાવોઓને લક્ષમાં લેતાં ફરિયાદી તરફેની દલીલોમાં તથ્ય જણાય છે તેમ આ અદાલતનું માનવુ છે.

**૧૮..** આમ, ઉપરોકત પેરાઓમાં વિગતવાર કરેલ ચર્ચા મુજબ ફરિયાદપક્ષે એ હકીકત નિ:શંકપણે પુરવાર કરેલ છે કે, આ કામે આંક-૦૮ વાળો અસલ ચેક આરોપીએ ફરિયાદી પાસેથી હાથઉછીની લીધેલ રકમની જવાબદારી અદા કરવા માટે આપેલ હતો અને આરોપીએ તે રીતે ધી નેગોશીયેબલ ઈન્સ્ટ્રુમેન્ટ એકટની કલમ ૧૩૮ મુજબનો શિક્ષા પાત્ર ગુનો આચરેલ છે જે સામે આરોપીએ તે હકીકતનું ખંડન કરતો પુરાવો રજુ કરેલ નથી તેવા સંજોગોમાં તથા ધી નેગોશીયેબલ ઈન્સ્ટ્રુમેન્ટ એકટ અન્વયેના

કાયદાકીય અનુમાન આધારે ફરિયાદીએ પોતાનું કાયદેસરનું લેણું પુરવાર કરેલ હોઈ મુદ્દા નંબર ૨ નો જવાબ પણ હકારમાં ઠરાવી મુદ્દા નંબર ૩ પરત્વે નીચે મુજબ હુકમ કરવામાં આવે છે.

૧૯.. **મુદ્દા નંબર ૩ ની ચર્ચા :-**

આમ, ઉપરોકત મુજબ રેકર્ડ ઉપરની સમગ્ર હકીકતો, દલીલો તેમજ વરીષ્ઠ તથા સર્વોચ્ચ અદાલતોએ ઠરાવેલ ચુકાદાઓમાં ધી નેગોશીયેબલ ઈન્સ્ટુમેન્ટ એકટ અન્વયે પ્રસ્થાપિત કરેલ સિધ્ધાતોને ધ્યાને લેતા તેમજ ઉપરોકત મુદ્દા નંબર ૧ અને ૨ માં કરેલ વિસ્તૃત ચર્ચા અને જણાવેલ કારણોસર ફરિયાદપક્ષ આરોપી વિરુધ્ધનો આક્ષેપીત ગુનો શંકાથી પર પુરવાર કરવામાં સફળ રહેલ હોઈ આરોપીને તેની સામેના ગુના માટે તકસીરવાન ઠરાવવા ન્યાયોચીત જણાતુ હોઈ નીચે મુજબ હુકમ કરવામાં આવે છે.

**-:: હુકમ ::-**

- આ કામના આરોપી **પિયુષકુમાર કરશનભાઈ ઠાકોર,** રહે.રઢુ, તા.જી.ખેડાવાળાને બી.એન.એસ.એસ.ની કલમ ૨૭૮(૨) અન્વયે તેની સામેના ધી નેગોશીયેબલ ઈન્સ્ટ્રુમેન્ટ એકટની કલમ ૧૩૮ મુજબના શિક્ષાપાત્ર ગુના માટે તકસીરવાન ઠરાવવામાં આવે છે, સબબ કામ આરોપીને સજા માટે સાંભળવા મુલતવી.

- ઉપરોકત હુકમ આજ તા.૧૩મી, માહે મે, સને ૨૦૨૬ ના રોજ ખુલ્લી અદાલતમાં વાંચી જાહેર કર્યો.

તા.૧૩.૦૫.૨૦૨૬
સ્થળ: ખેડા.

(મહેશકુમાર ચીમનલાલ પટેલ)
અધિક ચીફ જયુડિશિયલ મેજિસ્ટ્રેટ,
ખેડા.
[ GJ 01199 ]

૨૦.. આ કામે સજા અંગે સાંભળવા સારૂ આરોપીના વારંવાર પોકાર કરવા છતાં આરોપી કે આરોપી તરફે તેમના વિ.વકીલશ્રી હાજર નથી કે આરોપી તરફે કોઈ રજુઆત નથી. અત્રે એ ઉલ્લેખનીય છે કે, સદર કામે આરોપી ઘણા સમયથી અદાલત સમક્ષ હાજર રહેલ નથી તેમજ સદર કામે આરોપીનો ફરિયાદીની ઉલટ તપાસ કરવાનો તથા વિશેષ જવાબ નોંધવાનો અને ત્યાર બાદ દલીલનો હકક બંધ કરવાનો હુકમ કરવામાં આવેલ છે. આજરોજ પણ આરોપી ને ચુકાદાના તબકકે હાજર થવા તક આપવા છતાં, આરોપી કે તેના તરફે કોઈ વકીલશ્રી ચુકાદાના તબકકે પણ હાજર નથી. જયારે ફરિયાદપક્ષે વિ.વકીલશ્રી વી.ડી.પારેખ જણાવે છે કે, આરોપી વિરુધ્ધ ફરિયાદપક્ષે કેસ સાબિત કરેલ છે અને આરોપીએ ઈરાદાપુર્વક પોતાના વિરૂધ્ધની ટ્રાયલ ગેરહાજર રહી વિલંબિત કરેલ છે અને આ ટ્રાયલ પુરી થતા ઘણો સમય વ્યતીત થયેલો છે. જેથી ફરિયાદીને ચેકની રકમનુ વ્યાજ સાથે વળતર આપવાનો હુકમ કરવો જોઈએ અને આરોપી ગેરહાજર રહેલ હોઈ, તેઓ વિરૂધ્ધ સજા વોરન્ટ ઈસ્યુ કરી તેઓને નશ્યત કરવા જોઈએ.

૨૧.. ફરિયાદ પક્ષે વિ.વ.શ્રીની રજુઆત ઘ્યાને લીધી. આ કામે એ હકીકત છે કે, આરોપીની પ્લી રેકર્ડ થયા બાદ તથા ફરિયાદીનો પુરાવો રજુ થયા બાદ આરોપી પક્ષે ફરિયાદીની ઉલટ તપાસ, આરોપીના વધારાના નિવેદન, આરોપીપક્ષની દલીલ તેમજ ચુકાદાના સમયે કોઈ હાજર રહેલા નથી. એ હકીકત છે કે, આરોપીનો બચાવનો અધિકાર રહેલો છે અને તેને કોઈ પ્રકારે છીનવી કે મર્યાદિત કરી ન શકાય, પરંતુ સાથોસાથ જયારે આરોપી પોતાનો બચાવનો અધિકાર વાપરવામાં ઈરાદાપુર્વક ઈન્કાર કરે તો તેને આવો અધિકાર પુરો

પાડવા વારંવાર અમર્યાદિત સમય સુધી તક આપવી પણ ઉચિત નથી. આ કામે આરોપીને સમન્સ બજતા જાતે અદાલત સમક્ષ હાજર થયેલ છે, તેમની આ ગુનાના કામે પ્લી રેકર્ડ કરવામાં આવેલી છે અને આરોપી તરફે કેસમાં મુદત પણ માંગવામાં આવેલ છે અને ત્યારબાદ આરોપી હાજર રહેવાનું બંધ કરી દે છે. આમ આરોપીએ પોતાના બચાવનો અધિકાર જાતે જ જતો કર્યો ગણાય. જેથી પુરાવાના દરેક તબકકે કે જયારે આરોપી હાજર ન રહે ત્યારે તેઓને હાજર રખાવવા માટે ફરીથી અદાલત ધ્વારા પ્રોસેસ કરવામાં આવે તો ફરિયાદીના ઝડપથી કેસ ચલાવવાના અધિકારને વિપરીત નુકસાન થાય છે. નેગોશીયેબલ ઈન્સ્ટ્રુમેન્ટ એકટની જોગવાઈઓ અનુસાર કાયદાએ આ કેસોના નિકાલ માટે પણ સમય મર્યાદા નકકી કરેલ છે ત્યારે આરોપી ફકત સ્વૈચ્છિક રીતે ગેરહાજર રહે તે માટે વારંવાર પ્રોસેસ ઈસ્યુ કરી તેને બચાવનો અધિકાર આપવો ઉચિત નથી. આમ કરવાથી ફરિયાદીના કેસ ઝડપથી ચલાવવાના અધિકારને હાનિ પહોચે છે. જેથી હવે જયારે આરોપી ઉલટ તપાસ, વધારાના નિવેદન, દલીલ તેમજ ચુકાદાના તબકકે પણ હાજર રહેલ નથી ત્યારે એ પ્રશ્ન ઉદભવે છે કે શું આરોપીને તેની ગેરહાજરીમાં, સાંભળ્યા વગર સજાનો હુકમ કરવો ઉચિત છે. હાલનો કેસ તે નેગોશીયેબલ ઈન્સ્ટ્રુમેન્ટ એકટની કલમ-૧૩૮ મુજબના ગુનાનો છે અને તેથી કાયદાકીય પ્રબંધો અનુસાર આરોપીને સજા અંગે સાંભળવો ફરજિયાત નથી. આ તબકકે નામદાર ગુજરાત હાઈકોર્ટનો **૨૦૧૭(૩) જી.એલ.આર. ૨૩૫૩, શરદ જેઠાલાલ સાવલા વિ. સ્ટેટ ઓફ ગુજરાત**નો ચુકાદો ધ્યાને લેવો અતિ આવશ્યક છે. નામદાર ગુજરાતની વડી અદાલતે ધી નેગોશીયેબલ ઈન્સ્ટ્રુમેન્ટ એકટની કલમ ૧૩૮ મુજબના

કેસમાં પેરા નં.૨૨, ૨૫ માં સી.આર.પી.સી.ની કલમ ૩૫૩(૭) ની જોગવાઈઓને ધ્યાને લઈને, આરોપીની ગેરહાજરીમાં ચુકાદો જાહેર કરી, સજા સંભળાવવાના હુકમને યોગ્ય અને ન્યાયિક ઠરાવેલ છે. જે પેરા નં.૨૨, ૨૫ નીચે મુજબ છે.

> 22. So far as the first question is concerned as regards the pronouncement of the judgment and order of conviction and sentence in the absence of the applicant accused, I am of the view that no illegality could be said to have been committed by the trial Court.
>
> 25. However, the judgment that the learned Magistrate may pronounce in the absence of the accused by itself will not vitiate the judgment. Subsection (7) of Section 353 of the Cr.P.C. clearly lays down that no judgment delivered by any criminal court shall be deemed to be invalid by reason only of the absence of any party.

આમ ઉપરોકત ચુકાદામાં નામદાર ગુજરાત હાઈકોર્ટના ઠરાવ્યા મુજબ આરોપીની ગેરહાજરીમાં સજાનો ચુકાદો જાહેર કરી શકાય તેમ છે. હાથ પરના કેસમાં પણ આજરોજ આરોપી જાતે કે વકીલશ્રી મારફતે હાજર નથી કે આરોપીની હાજરી માફી અંગે કોઈ અરજી રજુ નથી જેથી આરોપીની ગેરહાજરીમાં, આરોપી વિરૂધ્ધ ચુકાદો જાહેર કરી, સજા કરવી ઉચિત જણાય છે.

**૨૨**.. હવે આ અદાલતે ફરિયાદી તથા આરોપી તરફેની ઉપરોકત મુજબની રજુઆતો તથા કાયદાકીય જોગવાઈઓ લક્ષમાં લીધેલ છે. સામાન્ય રીતે સજાની માત્રા કેવી હોવી જોઈએ તે બાબતે નામદાર વડી

અદાલત તથા સર્વોચ્ચ અદાલતના માર્ગદર્શક ચુકાદાઓ ઉપલબ્ધ છે. હાલ સમાજમાં એક પક્ષકાર પાસેથી બીજો પક્ષકાર નાણાં મેળવી તે સામે ચેકો લખી આપે છે અને ચેકો વગર સ્વીકરાયે પરત થતાં રહે છે તેમજ આવા બનાવની ફરિયાદ કરનાર ફરિયાદીને તેના નાણાં પણ પરત કરતાં નથી તે ખુબ જ ગંભીર બાબત ગણાય અને આવા આર્થિક ગુન્હાઓનું પ્રમાણ દિન–પ્રતિદિન ખુબજ વધી રહયું છે જેના ઉપર અંકુશ રાખવો જરૂરી છે અને આવા આર્થિક ગુન્હાઓ આચરતા ઈસમોને ઉત્તેજન ન મળે અને સમાજમાં દાખલો બેસે તેમજ ધી નેગોશીયેબલ ઈન્સ્ટુમેન્ટ એકટની કલમ ૧૩૮ નો ગુનો આર્થિક ગુનો છે અને દિન પ્રતિદિન ચેક પરત ફર્યાના કેસોમાં નોંધપાત્ર વધારો થઇ રહેલ છે. જેથી આવા ગુનામાં હળવાશ રાખવાથી સમાજમાં ખોટો સંદેશ જાય તેમ છે અને આવા ગુનામાં બી.એન.એસ.એસ.ની કલમ ૪૦૧ અથવા પ્રોબેશન ઓફ ઓફેન્ડર્સની જોગવાઈઓનો કોઈપણ રીતે લાભ આપવો ન્યાયી જણાતુ નથી, પરંતુ કેસની હકીકતો અને ચેકની રકમ ધ્યાને લેતાં મહત્તમ સજા ન કરતા મહત્તમ સજાથી ઓછી સજા કરવા માટે વ્યાજબી કારણ હોવાનુ જણાઈ આવે છે.

૨૩.. આરોપી સામે પુરવાર થયેલ ગુનો જોતાં આરોપીને ધી નેગોશીયેબલ ઈન્સ્ટુમેન્ટ એકટની કલમ ૧૩૮ મુજબ કેદની સજા બે વર્ષ સુધી લંબાવી શકાય અને દંડની રકમ ચેકમાં જે રકમ જણાવી છે તેનાથી બમણી થઈ શકે છે. આ કામે ફરિયાદી તરફેની રજુઆત મુજબ આરોપીએ ફરિયાદી પાસેથી હાથઉછીની લીધેલ રકમની જવાબદારી અદા કરવા ચેક આપેલ જે પરત ફરતાં ચેકની રકમ પણ ચુકવેલ નથી તેથી તેઓને ઘણુ એવુ આર્થિક નુકસાન થયેલ છે, જેથી આ કામે ફરિયાદીને આરોપી પાસેથી બી.એન.એસ.એસ. કલમ

૩૯૫ મુજબ વળતર અપાવવું ન્યાયોચિત જણાય છે. વળતરની રકમ નકકી કરતી વખતે મેજિસ્ટ્રેટશ્રીએ એવી વિચારણા કરવાની છે કે ફરિયાદીને વળતર ચુકવવા અંગે એવોર્ડ કરવાની સત્તા છે. આમ, જયારે મેજિસ્ટ્રેટશ્રીને લાગે કે, ફરિયાદીને વળતર આપવુ જોઈએ તો તે કેદની સજા કર્યા પછી ફરિયાદીને વળતર અંગે હુકમ કરી શકે છે, જે બી.એન.એસ.એસ.ની કલમ ૩૯૫ માં કોઈ મર્યાદા નકકી કરવામાં આવી નથી. સજા અને વળતર વિશેના પ્રશ્નો ટ્રાયલ કોર્ટે વિચારવાના રહે છે. ૨૦૦૧ એ.આઈ.આર.(સુ.કો.)૫૬૭, પંકજભાઈ નગીનદાસ પટેલ વિરુઘ્ધ સ્ટેટ ઓફ ગુજરાતના ચુકાદામાં નામદાર સર્વોચ્ચ અદાલતે ચેકની પુરેપુરી રકમ ફરિયાદીને વળતર તરીકે ચૂકવી આપવા માટે હુકમ કરેલ. જેથી મેજિસ્ટ્રેટશ્રી ફરિયાદી તથા આરોપીને સાંભળી વ્યાજબી વળતરનો હુકમ નકકી કરી શકશે. નામદાર સુપ્રિમ કોર્ટે ૨૦૧૧ એ.આઈ.આર. (સુ.કો.) ૨૫૬૬, કૌશલ્યા દેવી મસંદ વિરુઘ્ધ રૂપકિશોર ખોરના ચુકાદામાં ઠરાવેલ છે કે, “ the offence under Section 138 of the N.I. Act is almost in the nature of civil wrong which has been given criminal overtone, and imposition of fine payable as compensation is sufficient to meet the ends of justice." વધુમાં નામદાર સુપ્રિમ કોર્ટે ૨૦૧૨(૨) જી.એલ.એચ.૧૩૫૩, આર.વિજયન વિરેઘ્ધ બેબી અને બીજાઓના ચુકાદામાં ઠરાવેલ છે કે, "the direction to pay the compensation by way of restitution in regard to the loss on account of the dishonour of the cheque should be practical and realistic. So, in a prosecution under Section 138 of the N.I. Act, the compensatory aspect of remedy should be given much

priority over punitive aspect." આમ, ફરિયાદીના વિ.વકીલશ્રીની રજુઆત અને આરોપીની પરિસ્થિતિ ધ્યાને લેતાં તથા સદર ચુકાદામાં પ્રસ્થાપિત થયેલ સિધ્ધાતો ધ્યાને લેતાં ફરિયાદીને વળતર પેટે ચેકની રકમ ચૂકવી આપવામાં આવે તો ફરિયાદીને આર્થિક નુકસાન ન જાય અને આ પ્રકારના ગુના આચરનારાઓને યોગ્ય નશ્યત મળી રહે અને સમાજમાં યોગ્ય સંદેશો પહોંચે અને ફરિયાદીને પણ યોગ્ય ન્યાય મળી રહે તેમ છે.

**૨૪..** વધુમાં, આ કામે આરોપીની ગેરહાજરીમાં સજાનો હુકમ ફરમાવ્યા બાદ આરોપી વિરૂધ્ધ જાહેર કરેલ સજાનો અમલ કરવાની કાર્યવાહી અંગે પણ નામદાર ગુજરાત હાઈકોર્ટના ૨૦૧૭(૩) જી.એલ.આર. ૨૩૫૩, શરદ જેઠાલાલ સાવલા વિરુધ્ધ સ્ટેટ ઓફ ગુજરાતના ચૂકાદામાં પેરા નં.૨૭ માં નીચે મુજબ ઠરાવેલ છે. જે પેરા નં.૨૭ નીચે મુજબ છે.

> 27. So far as the second question is concerned, I am of the view that the trial Court committed no error in issuing a non-bailable warrant of arrest having noticed that the the accused was not present at the time of pronouncement of the judgment and order of conviction and sentence in view of the provisions of Section 418 (2) of the Cr.P.C. Under Subsection (2) of Section 418 of the Cr.P.C., when the accused sentenced to imprisonment is not present in the Court, the Court has to issue a warrant of his arrest and the sentence shall commence on the date of his arrest. I am of the view that the Magistrate had two options. He could have, before pronouncement of the judgment and

order of conviction and sentence, enforced the attendance of the applicant accused in the Court or pronounce the judgment in the absence of the accused and issue warrant of arrest. The learned Magistrate thought fit to adopt the latter part of the procedure i.e. pronounced the judgment, and thereafter, proceeded to issue a warrant under Section 418(2) of the Cr.P.C.

**૨૫..** આમ, નામદાર ગુજરાતની વડી અદાલતે ઉપરોકત ચુકાદામાં ઠરાવ્યા અનુસાર, આ તબકકે આરોપીને તેની ગેરહાજરીમાં સજા કરી, તેની વિરૂધ્ધ બી.એન.એસ.એસ.ની કલમ ૪૫૮(૨) મુજબ તેને જેલમાં મોકલવાના હેતુ માટે બી.એન.એસ.એસ.ની કલમ ૭૨ (બી.એન.એસ.એસ. નમુના નં.૨) અનુસારનું એરેસ્ટ વોરન્ટ ઈસ્યુ કરવું ઉચિત જણાય છે. આ ઉપરાંત આ તબકકે આરોપીને સજા કરવામાં આવ્યા બાદ એરેસ્ટ વોરન્ટની બજવણી અંગે <u>નામદાર સુપ્રીમ કોર્ટે ૨૦૧૫(૧૩) એસ.સી.સી. ૩૬૨, લલ્લનસિહ વિરૂધ્ધ સ્ટેટ ઓફ ઉત્તર પ્રદેશ</u>ના ચુકાદામાં પેરા નં.૮ માં કરેલ અવલોકનો પણ જોવા જરૂરી છે, કે જે નીચે મુજબ છે.

8. ....... The difficulty, in our opinion, arises when the warrants so issued by the Court concerned remain unexecuted. This happens not only in cases where the accused has been convicted and sentenced by the trial court but also where an appeal or revision preferred against the conviction is eventually dismissed by the High Court. There is no manner of doubt that even in such cases the court is under an obligation after receipt of

an intimation about the dismissal of the appeal or revision preferred by the convicts, to follow the procedure under Section 418 for apprehension of the accused, in case he has not surrendered voluntarily, and to commit him to jail to undergo the sentence awarded to him. Experience, however, shows that when warrants are forwarded to the police for execution the same remain unexecuted for years as noticed by us in the case at hand where despite the dismissal of the appeal filed by two of the life convicts, held guilty of a double murder, had remained at large for considerably long period.

( emphasis supplied)

**૨૬..** આમ નામદાર સુપ્રીમ કોર્ટે આવા સજા બાદ ઈસ્યુ થતા એરેસ્ટ વોરન્ટની બજવણી અસંતોષકારક રીતે થતી હોવાનું અવલોકન પણ કરેલ છે. ત્યારે જો આવા સજા અંગે ઈસ્યુ કરવામાં આવતા એરેસ્ટ વોરન્ટની યોગ્ય પ્રકારે બજવણી થાય તે સુનિશ્ચિત કરવું ઉચિત જણાય છે. આ ઉપરાંત આવા એરેસ્ટ વોરન્ટની બજવણી ઉપર દેખરેખ રાખવી પણ ઉચિત જણાય છે. કારણ કે જો તકસીરવાનને સજા અંગે ઈસ્યુ કરવામાં આવતા વોરન્ટની બજવણી જ ન થાય તો તેનાથી સમગ્ર ટ્રાયલ નિરર્થક બની જાય અને ન્યાયનો હેતુ પણ માર્યો જાય. હવે બી.એન.એસ.એસ.ની કલમ ૭૪,૭૫ અનુસાર, અદાલત વોરન્ટની બજવણી પોતાની હકુમતમાં ગમે તે વ્યકિતને સોંપવાની સત્તા ધરાવે છે. આ સંજોગોમાં આરોપીને તકસીરવાન ઠરાવવામાં આવતો હોઈ, આરોપી વિરૂધ્ધ ઈસ્યુ કરવામાં આવતું એરેસ્ટ વોરન્ટ તાકીદે બજવણી

માટે પોલીસ ઈન્સ્પેકટરશ્રી ખેડા ટાઉન પોલીસ સ્ટેશનનાઓને સોંપવું ઉચિત જણાય છે. આ ઉપરાંત આ કેસમાં આરોપીને તકસીરવાન ઠરાવાયેલ હોઈ, ઉપરોકત તમામ ચર્ચા ધ્યાને લઈ હું નીચે મુજબ આખરી હુકમ કરું છું.

// આખરી હુકમ //

૧. આ કામના આરોપી **પિયુષકુમાર કરશનભાઈ ઠાકોર,** રહે.રઢુ, તા.જી.ખેડાવાળાને બી.એન.એસ.એસ.ની કલમ ૨૭૮(૨) અન્વયે તેની સામેના ધી નેગોશીયેબલ ઈન્સ્ટ્રુમેન્ટ એકટની કલમ ૧૩૮ મુજબના ગુના માટે છ માસની સાદી કેદની સજા ભોગવવાનું ફરમાવવામાં આવે છે.

૨. બી.એન.એસ.એસ.ની કલમ ૩૯૫(૩) અનુસાર આરોપીએ રૂા.૧,૦૦,૦૦૦/- (અંકે રૂપિયા એક લાખ પુરા) ફરિયાદીને વળતર પેટે આ હુકમની તારીખથી ત્રણ માસની અંદર ચૂકવી આપવાનો હુકમ કરવામાં આવે છે.

૩. આ કામનાં આરોપી **પિયુષકુમાર કરશનભાઈ ઠાકોર** આજરોજ અદાલતમાં હાજર રહેલા ન હોઈ અને તેઓની ગેરહાજરી અંગે કોઈ કારણ તકસીરવાન તરફે રજુ થયેલ ન હોઈ, તકસીરવાન વિરૂધ્ધ બી.એન.એસ.એસ. નમુના નં.ર નું કલમ ૭ર અનુસારનું એરેસ્ટ વોરન્ટ, તકસીરવાનને જેલમાં મોકલવાના હેતુસર ઈસ્યુ કરવાનો હુકમ કરવામાં આવે છે.

૪. આ નમુના નં.ર નું કલમ ૭ર અનુસાર ઈસ્યુ કરેલ એરેસ્ટ વોરન્ટ બજવણી અર્થે પોલીસ ઈન્સ્પેકટરશ્રી ખેડા ટાઉન પોલીસ સ્ટેશન નાઓને મોકલવું. પોલીસ ઈન્સ્પેકટરશ્રી ખેડા ટાઉન પોલીસ સ્ટેશનનાઓને એવો આદેશ કરવામાં આવે છે કે, તેઓએ આ એરેસ્ટ

વોરન્ટની બજવણી તાકીદે કરવી અને જયાં સુધી આ કલમ ૭૨ મુજબના એરેસ્ટ વોરન્ટની બજવણી ન થાય ત્યાં સુધી, દર માસની ૧લી તારીખે આ એરસ્ટ વોરન્ટની બજવણી અર્થે શું પગલા લેવામાં આવેલા છે તેનો રિપોર્ટ અત્રેની અદાલતને કરવો.

**૫.** આરોપીને અટક કર્યા બાદ અત્રેની અદાલતમાં રજુ કરવામાં આવેલ ત્યારે બી.એન.એસ.એસ.ની કલમ ૪૦૪ અન્વયે આ ચુકાદાની એક પ્રમાણિત કરેલ નકલ વિના મુલ્યે પુરી પાડવી.

– ઉપરોકત હુકમ આજ તા.૧૩મી, માહે મે, સને ૨૦૨૬ ના રોજ ખુલ્લી અદાલતમાં વાંચી જાહેર કર્યો.

તા.૧૩.૦૫.૨૦૨૬
સ્થળ: ખેડા.

(મહેશકુમાર ચીમનલાલ પટેલ)
અધિક ચીફ જયુડિશિયલ મેજિસ્ટ્રેટ,
ખેડા.
[ GJ 01199 ]